૭

**બાબુ જગજીવનરામ પ્રતિષ્ઠાન (શૈક્ષણિક સંકુલ) આદર્શ નિવાસી શાળા (અ.જા.કન્યા) જુનાગઢના મકાન બાંધકામ માટેની સુધારેલી વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૫૨૦૦૬/ન.બા.૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૯/૫/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) સામા.ન્યા.અને અ.વિભાગના તા.૨૬-૩-૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૫૨૦૦૬/ન.બા.૭/ગ

(૨) માર્ગ અને મકાન વિભાગના તા.૨૫-૩-૨૦૧૫ ના પત્ર ક્રઃ બીઇડી-૬૬૨૦૧૪-૩૮૦૫-ન.

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સારુ શિક્ષણ અને સારી સગવડ મળે તે માટે સરકારશ્રી દ્વારા આદર્શ નિવાસી શાળા યોજના અમલમાં છે. આમુખમાં જણાવેલ ક્રમ-૧ મુજબ તા.૨૬-૩-૨૦૦૭ ના ઠરાવથી વર્ષ ૨૦૦૭-૦૮ ના અંદાજપત્રમાં રૂ.૩૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ માર્ગ અને મકાન વિભાગના આમુખમાં દર્શાવેલ ક્રમ-૨ મુજબના તા.૨૫-૩-૨૦૧૫ ના પત્રથી સુધારેલ અંદાજોને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાને અંતે માર્ગ અને મકાન વિભાગના આમુખમાં દર્શાવેલ ક્રમ-૨ મુજબ બાબુ જગજીવનરામ પ્રતિષ્ઠાન (શૈક્ષણિક સંકુલ) આદર્શ નિવાસી શાળા (અ.જા.કન્યા) જુનાગઢના મકાન બાંધકામ માટેની સુધારેલી વહીવટી મંજૂરી આપવા માટે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા તૈયાર કરેલ રૂ.૫,૪૯,૪૦,૦૦૦.૦૦ (અંકે રૂપિયા પાંચ કરોડ ઓગણપચાસ લાખ ચાલીસ હજાર પુરા) ના સુધારેલ અંદાજોને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ વર્ષે તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનું ખર્ચ અંદાજપત્રનુ સદર, "માંગણી નં.૯૫- મુખ્ય સદર-૪૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસુચિ આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ, જોગવાઇ પેટા મુખ્ય સદરઃ ૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર-(૦૧)બીસીકે-૨૮ – સરકારી નિવાસી શાળાઓનું બાંધકામ (કે.પુ.યો.) જુનાગઢ ખાતે છોકરીઓ માટે સરકારી શાળાનું બાંધકામ" હેઠળ થયેલ જોગવાઇઓમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૫-૫-૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**( પી.સી.શાહ )**
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન જિ. જુનાગઢ
અધીક્ષક ઇજનેરશ્રી, રાજકોટ(માર્ગ અને મકાન) વર્તુળ, રાજકોટ
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, જિ.જુનાગઢ
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.જુનાગઢ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.જુનાગઢ
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.